## જન્મદિને વધામણી


દુષ્યંતસિંહ ડી. ચુડાસમા
મો. ૯૯૦૭૧૮૦૦૫


ગીતાબેન દવે
મો. ૯૭૨૫૦૫૮૭૩


રાકેશ જી ગામીત
મો. ૯૯૨૫૨ ૧૩૧૫૭


તેજસ નવનીતભાઈ લવિંગીયા
મો. ૯૯૯૮૦ ૪૬૨૧૬


મનન ભાવિનભાઈ લવિંગીયા
મો. ૯૪૨૬૪ ૧૭૮૪૮


તીર્થ પ્રજ્ઞેશ કામદાર
મો. ૯૪૨૭૩ ૬૪૦૯૪

# સુર પંચમ બિટ્સ દ્વારા મંગળવારે "ગુજરાત કલાવારસો" કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

સુર પંચમ બિટ્સ દ્વારા મંગળવારે ગુજરાતી સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્નેહ મિલન, એવોર્ડ વિતરણ સમારોહ તથા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૫ માર્ચના રોજ સાંજે ૬ કલાકે શ્રીજી બાગ પાર્ટી પ્લૉટ, કાર્ગો મૉટર્સ પાસે, રાંધેજા રોડ, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં અતિથિ તરીકે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, ગાંધીનગર કલ્ચરલ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના વિરોધ પક્ષના નેતા દિનેશભાઈ શર્મા, હેલ્થ ઍન્ડ સૉલીડ વેસ્ટ મૅનેજમૅન્ટ કમિટીના ચૅરમૅન દિનેશભાઈ દેસાઈ, જીટીપીએલના પ્રમુખ સાગર રાવ, કાસ્ટીંગ અને બ્રોડકાસ્ટીંગ મૅનેજર વિશાલ રાવલ તથા ગુજરાત પ્રદેશ પ્રમુખ માનસિંહ ડોડિયા ઉપસ્થિત રહેશે. રાત્રે ૮થી ૧૧ દરમ્યાન ઍવોર્ડ સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



શેઠ જે એચ સોનાવાલા હાઈસ્કૂલમાં ૧૯૭૮થી ૮૦ દરમ્યાન અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓનું સ્નેહમિલન રવિવારે ગાંધીનગર યુથ હૉસ્ટેલ ખાતે યોજાયું હતું, જે અંતર્ગત પચીસ વિદ્યાર્થીઓ વર્ષો બાદ પુનઃ એકમેકને મળ્યા હતા. ગાંધીનગર, અમદાવાદ, મહેમદાબાદ, બરોડા અને મુંબઈથી આવેલા આ તમામ વિદ્યાર્થીઓ હાલ વિજ્ઞાન, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રોમાં વિવિધ પદ શોભાવી રહ્યા છે. ગાંધીનગર ખાતે એકત્ર થયા પછી તેમણે પોતાનાં કૉલેજ કાળનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના ડૅપ્યુટી મેયર કાર્તિક પટેલ, નિવૃત્ત સનદી અધિકારી આઈ એ વૉરા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન, સંચાલન આ જ બૅચના વિદ્યાર્થી અને નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**



ચિલોડા પ્રાથમિક શાળા (પે સૅન્ટર)ના ૧૦ ઓરડા જર્જરિત થઈ જતાં તોડીને નવા ઓરડા બનાવવા બાબતે રજૂઆત શાળા દ્વારા કરવામાં આવી હતી, જેના આધારે ગેલ્વેનાઈઝનાં પતરાં અને ૭ ધાબાવાળા ઓરડા તોડી પાડવાની મંજૂરી આપવામાં આવી હતી અને એ પછી આ રૂમોના કાટમાળની હરાજી યોજવામાં આવી હતી. હવે શાળા ખાતે નવિન ઓરડાઓ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને શાળાનાં બાળકોની સુવિધામાં વધારો થશે. **(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**



આર્ટ ઑફ લિવિંગની ૩૫મી વાર્ષિક જયંતિના ઉપક્રમે નવી દિલ્હી ખાતે યમુના નદીના વિશાળ તટ પર આયોજિત 'વિશ્વ સાંસ્કૃતિક મહોત્સવ'માં આર્ટ ઑફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકર મહારાજ, શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજ સાથે જ્યોતિર્મઠ, બદ્રિકાશ્રમના જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદજી મહારાજનું આર્ટ ઑફ લિવિંગ પરિવાર દ્વારા હૃદયપૂર્વક સ્વાગત તથા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વભરમાંથી પધારેલ અનેક ધાર્મિક વિભૂતિઓ તથા મહામંડલેશ્વરોનો મહાકુંભ જોવા મળ્યો હતો. જેમાં ભારતના કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ વિશ્વ સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન ખૂબ જ પ્રશંસનીય રહ્યું હતું, જેનો લાખોની સંખ્યામાં ધર્મ અને સાંસ્કૃતિક પ્રેમી જનતાએ લાભ લીધો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..
**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રેજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦

# 'ફાયર અને સેફટી' સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૩



ફાયરસેફ વર્લ્ડ મેગેઝિન દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા દિન ઉજવણીના ભાગરૂપે ફાયર અને સેફટી પરનો એક દિવસનો સેમિનાર અમદાવાદ ખાતે યોજાયો હતો. આ સેમિનારમાં સાત મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતાં. તેમાં સેફટી મેનેજમેન્ટ, મહત્ત્વનાં એક્સિડન્ટ હેઝાર્ડ યુનિટસ માટેની તૈયારી અને આયોજન, વ્યવસાયિક સ્વાસ્થ્ય સંભાળ દેખરેખ, અકસ્માતોથી શીખવા મળતા પદાર્થપાઠ, એચએસઈ ઓડિટસ અને ફાયર સેફટી રેગ્યુલેટરી વ્યૂહરચનાઓનું આત્મનિરિક્ષણ વગેરેનો સમાવેશ થાય છે. આ સેમિનારને ખુલ્લો મુકતા ડો. એસ કે નંદા, આઈએએસ (નિવૃત્ત સીએમડી, જીએસએફસી)એ ઘરેલુ, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રે સલામતીનાં મહત્ત્વ અને તેની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યું કે સેફટી તે પ્રક્રિયા છે, પ્રોડકટ નથી. તે રસ્તો છે, લક્ષ્યાંક નથી. આપણે હંમેશા મનને ખુલ્લુ રાખીને સેફટી ચેઈન લિંકમાં આપણને થયેલા અનુભવ અને ફાયદાઓનો અનુભવ વહેંચવો જોઈએ.

આ કાર્યક્રમમાં અત્યાધુનિક એચએસઈ કન્સેપ્ટ, ફુલપ્રુફ ઓટોમેશન વગેરે અંગેની વિસ્તૃત ચર્ચા થઈ હતી. જેથી માનવીય, પ્લાન્ટ અને પર્યાવરણીય સલામતીમાં તેનો અસરકારક ઉપયોગ થઈ શકે. સેફટીને સંપૂર્ણપણે સમર્પિત ફાયરસેફ વર્લ્ડ માસિક દ્વારા મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટ ખાતે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારને ગુજરાત સરકારના ડાયરેક્ટરેટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ફાયર એન્ડ સિક્યોરિટી એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગુજરાત ચેપ્ટર અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (જીએસપીસી) લિ. ગાંધીનગરનો સહયોગ સાંપડ્યો હતો.

### વિનસ ગૃપ ઓફ કોલેજ દ્વારા

# ગુજરાતનો સૌથી મોટો જોબ ફેર યોજાયો

ગાંધીનગર, તા. ૧૩



વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેક્નોલોજી દ્વારા જીટીયુના સહકારથી ગુજરાત રાજ્યના સૌથી મોટા જોબફેર "વિનસ જોબ હંટ ૨૦૧૬"નું આયોજન કોલેજના ભોયણ રાઠોડ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું.

રાજયના આ સૌથી મોટા રોજગાર મેળામાં લગભગ ૫૦૦૦ જેટલા એન્જીનિયર તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ્‌ના ઉમેદવારોએ ભાગ લીધો હતો અને કુલ ૪૫થી વધુ લોકલ, રિજનલ, નેશનલ અને ઈન્ટરનેશનલ કંપનીઓએ પોતાની જરૂરિયાત મુજબ ૫૦૦થી વધુ જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ કર્યા હતા.

આ જૉબ ફૅરના માધ્યમથી રાજયભરના અમદાવાદ, ગાંધીનગર, પોરબંદર, રાજકોટ, સુરત, જુનાગઢ ઉપરાંત મહારાષ્ટ્રના નવયુવાનોને નોકરી મેળવવાની અમૂલ્ય તક મળી હતી.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પોતાનાં નિયમિત સેવાકાર્યોના ભાગરૂપે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે આશરે ૭ ગામોનાં ૧૦૮ જેટલાં વૃધ્ધ નિરાધારોને ૩ કિગ્રા અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં આર ડી રોહિત, ઉમેશ ઓઝા, મિલિન્દ ગુપ્તે અને ડૉ. અતુલભાઈ જોડાયા હતા.

# ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે પૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૩

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે ગઈકાલે પૂર્વ વિદ્યાર્થીની-વાલી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અને વાલીઓએ ભાગ લીધો હતો. કૉલેજમાં વર્ષ દરમ્યાન કરવામાં આવતી શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન આ પ્રસંગે નિદર્શિત કરવામાં આવ્યું હતું. વાલીઓ દ્વારા મંતવ્યો, સૂચનો રજૂ કરવામાં આવ્યાં હતાં અને પૂર્વ વિદ્યાર્થીઓએ કૉલેજકાળનાં પોતાનાં સંભારણાં રજૂ કર્યા હતાં.

કાર્યક્રમનું સંચાલન પૂર્વ વિદ્યાર્થી અને વાલી ઍસોસિએશનનાં સભ્ય પ્રા. ગીતાબેન ચૌધરી અને ડૉ. હેમાંગિનીબેન વાઘેલાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન સી ચૌધરીએ સહયોગ આપ્યો હતો.

# મારામાં સુસંસ્કારનું સિંચન કરવા બદલ હું મારા પપ્પાનો હંમેશાં ઋણી રહીશ

**સંવેદના — મારા પપ્પા એટલે મારા પપ્પા**

મારામાં આ દુનિયાની, સંસારની સમજ આવી ત્યારથી મારામાં સુસંસ્કારનું સિંચન કરવા બદલ હું મારા પપ્પાનો હંમેશાં ઋણી રહીશ.

એકવાર ચોથા ધોરણમાં ભણતો હતો ને પરીક્ષા આવી, શાળાના છોકરાઓએ કૉપી કરી. આ વાત મારા વર્ગશિક્ષકે મારા પપ્પાને કહેતાં પપ્પાએ એકદમ ગુસ્સે થઈ મને લપડાક ચોડી દીધી. આ વાત પર આડોશપાડોશના લોકોએ મારા પપ્પાને ઠપકો આપ્યો. પણ મારા પપ્પાના દિલમાં સચ્ચાઈ હતી અને મારા પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો એટલે મારા માથે હાથ ફેરવી જે ગાલ પર તમાચો માર્યો હતો એ ગાલ પર ચુંબન કરતાં કહ્યું, 'દીકરા, ચોરીનું ભણતર અને ગણતર ઘણી ઊંચાઈ પર પહોંચાડે તોય નકામું હોય છે.' એમણે મને ચોથા ધોરણની પરીક્ષા ફરી અપાવી અને ભણવામાં મારી ઋચિ પણ જગાડી.

આજે એમણે આ સંસારમાંથી વિદાય લઈ લીધી હોવા છતાં મને હરહંમેશ એવું લાગે છે કે મારા બાપુજી મારી સમીપ છે.

\- બાબુસિંહ દિપસિંહ ચૌહાણ,
ભીલકુવા, તા. મોડાસા



માત્ર ૧૦ દિવસની ઉંમરે જનેતાને ગુમાવ્યા પછી દાદીમાએ થોડો સમય મારો ઉછેર કર્યો. મારા પપ્પાને સાત ભાઈઓ હતા, જેથી નાનપણમાં 'કાકા' શબ્દનો પ્રયોગ વધુ થવાથી બાપુજીને પણ કાકા કહેવાની આદત પડી ગઈ હતી.

માબાપને પોતાના બાળક પ્રત્યે સવિશેષ સ્નેહ હોય તે સ્વાભાવિક છે. હું તો એકનું એક બાળક હોઈ કાકાને મારા પ્રત્યે સ્નેહ હોય જ. તેમના સ્નેહનો એક કિસ્સો હજી પણ મને યાદ છે.

જ્યારે હું પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારની વાત છે. મારાં અપર મા શક્ય તમામ કામ મારી પાસે કરાવતાં હતાં. એક વખત કાકા બજાર ગયા હતા ત્યારે અપર માએ મને લસણ ફોલવાનું કામ સોંપ્યું હતું. હું લસણ ફોલવામાં પરોવાયેલો હતો તે દરમ્યાન કાકા બજારમાંથી પરત આવ્યા. એક પૅકેટ મારા હાથમાં મૂક્યું. મેં પૅકેટ ખોલીને જોયું તો મારા આનંદની સીમા ના રહી. પૅકેટ ફુગ્ગાઓથી ભરપૂર હતું.

બાળકને તો એક ફુગ્ગો મળે તો પણ એ રાજીના રેડ થઈ જાય, મને તો આખું પૅકેટ ભરીને ફુગ્ગા મળ્યા હતા, એનો આનંદ મારા સમગ્ર અસ્તિત્વમાં પ્રસરી ગયો. આનંદનો એ પ્રસંગ મારા બાળમાનસ ઉપર અંકિત થઈ ગયો, જે મારી સોનેરી યાદોમાં હજી સામેલ છે. જય હો મારા પપ્પા!

\- હરીશ રાઠોડ,
સૅક્ટર-૨ સી

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

**'મારા પપ્પા એટલે મારા પપ્પા'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે